હેડ ક્લાર્કની જગાના ભરતી નિયમોના
અમલીકરણ બાબત.

ગુજરાત સરકાર
**સામાન્ય વહીવટ વિભાગ**
ઠરાવ ક્રમાંકઃ- સીઆરઆર/૧૦૨૦૧૫/૨૭૮૯૮/ગ.૫
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ- ૦૧/૦૮/૨૦૧૫.

**વંચાણમાં લીધાઃ-**

(૧) સામાન્ય વહીવટ વિભાગના જાહેરનામા ક્રમાંકઃ- જીએસ/૨૬/૨૦૧૫/ સીઆરઆર/ ૧૦૨૦૧૫/૨૭૮૯૮/ગ.૫. તારીખઃ-૧૫-૭-૨૦૧૫.

**ઠરાવઃ-**

રાજ્ય સરકાર હેઠળના વિવિધ ખાતાના વડાના તાબામાં હેડ કલાર્કની જગ્યાઓ આવેલી છે. આ જગ્યાઓ અંગેના ભરતી નિયમો દરેક ખાતાના વડા પ્રમાણે સચિવાલયના વિભાગો દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલા છે. હેડ કલાર્ક સંવર્ગએ વહીવટી સંવર્ગ છે અને આ સંવર્ગના કોમન ભરતી નિયમો પ્રસિદ્ધ કરવાની બાબત રાજ્ય સરકારની વિચારણા હેઠળ હતી. આ અંગે કાળજી પૂર્વકની વિચારણાને અંતે નીચે જણાવેલ ખાતા / કચેરીઓ સિવાયના જુદા જુદા ખાતામાં હાલમાં અમલમાં હોય તેવા હેડ કલાર્કની જગ્યાના ભરતી નિયમો રદ કરીને વંચાણમાં લીધેલા તા.૧૫-૭-૧૫ના જાહેરનામાથી હેડ કલાર્ક સંવર્ગના કોમન ભરતી નિયમો પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

૧. આ કોમન ભરતી નિયમો નીચે જણાવેલ ખાતા / કચેરીઓને લાગુ પડશે નહી.

(i) The Department of Secretariat
(ii) The office of the Gujarat Public Service Commission
(iii) The office of the Vigilance Commission, Gujarat State
(iv) The office of the Gujarat Legislature Secretariat
(v) The Judicially Courts in the State of Gujarat.
(vi) The office of the Secretary to Governor of Gujarat
(vii) The office of the Comptroller of Household to the Governor of Gujarat. .

D:\JITENDRA-2013\G-5-2015\HED CLERK\THARAV-HED CLERK.doc

(viii) The office of the Director of Sainik Welfare and Resettlement.

(ix) The office of the Gujarat Subordinate Service Selection Board, Gandhinagar.

(x) The office of the Resident Commissioner, New Delhi.

(xii) The office of the Liasion Officer, Bombay.

૨. **આ કોમન ભરતી નિયમો કયા ખાતા / કચેરીઓને લાગુ પડશે?**

ઉપરોકત ક્રમાંક-૧માં દર્શાવેલ ખાતા / કચેરીઓ સિવાયની અન્ય તમામ ખાતા / કચેરીઓ કે જ્યાં હેડ કલાર્કની જગ્યાઓ આવેલી હોય અને તેની નીચેની જગ્યા સિનિયર કલાર્કની હોય તેવી તમામ ખાતા / કચેરીઓને વંચાણમાં લીધેલા તા.૧૫-૭-૧૫ના જાહેરનામાંથી પ્રસિદ્ધ થયેલ ભરતી નિયમો લાગુ પડશે. જે ખાતા / કચેરીની હેડ કલાર્કની જગ્યાના ભરતી નિયમો કોઇ એકટની જોગવાઇ હેઠળ બનાવવામાં આવ્યા હોય તેવા ખાતા / કચેરીઓને આ કોમન ભરતી નિયમો લાગુ પડશે નહી.

૩. **આ કોમન ભરતી નિયમો ક્યારથી અમલમાં આવશે?**

આ કોમન ભરતી નિયમો પ્રસિદ્ધ થયા તારીખ. ૧૫-૭-૧૫થી અમલમાં આવે છે. આથી આ ભરતી નિયમોની જોગવાઇઓ મુજબ દરેક ખાતા / કચેરીઓએ આ તારીખથી હેડ કલાર્કની જગ્યા પર બઢતી તથા ખાસ સ્પર્ધાત્મક પરીક્ષા દ્વારા બઢતીથી નિમણૂક આપવાની રહેશે.

૪. **રેશીયોની જોગવાઇ બાબતઃ-**

ઉપરોક્ત વંચાણમાં લીધેલા તા.૧૫-૭-૧૫ના જાહેરનામાંથી પ્રસિદ્ધ થયેલ ભરતી નિયમોની જોગવાઇઓ મુજબ દરેક ખાતાના વડાના તાબામાં મંજૂર થયેલ હેડ ક્લાર્કની જગાઓ ઉપર બઢતી તથા ખાસ સ્પર્ધાત્મક પરીક્ષા દ્વારા બઢતીથી ૩ : ૨ ના રેશીયોની જોગવાઇ મુજબ નિમણુંકો કરવાની રહેશે.

૫. **બઢતી આપવા બાબતઃ-**

ઉપરોકત વંચાણમાં લીધેલા તા. ૧૫-૭-૧૫ના જાહેરનામાંથી પ્રસિદ્ધ થયેલ ભરતી નિયમોની જોગવાઇઓ મુજબ બઢતી અંગેની તમામ લાયકાતો સંતોષતા હોય તેવા સંબંધિત ખાતામાં ફરજ બજાવતા સિનિયર ક્લાર્કને ભરતી નિયમોમાં નિયત

થયેલ રેશીયોની જોગવાઇ મુજબ બઢતીના ફાળે આવતી જગા ઉપર હેડ ક્લાર્ક તરીકે બઢતી આપવા સંબંધિત ખાતાના વડા સક્ષમ સત્તા ગણાશે.

૬. **ખાસ સ્પર્ધાત્મક પરીક્ષા દ્વારા બઢતી આપવા બાબતઃ-**

(૧) તા. ૧૫-૭-૧૫ના જાહેરનામાંથી પ્રસિદ્ધ થયેલ હેડ ક્લાર્કની જગાના ભરતી નિયમોમાં નિયત થયેલ રેશીયો મુજબ ખાસ સ્પર્ધાત્મક પરીક્ષા દ્વારા બઢતીના ફાળે આવતી જગાની વિગતો આ સાથેના સામેલ પત્રક-૧માં દરેક ખાતાના વડાએ સચિવાલયના સંબંધિત વહીવટી વિભાગને પ્રથમ તબક્કે તા.૧-૧૦-૨૦૧૫ સુધીમાં મોકલી આપવાની રહેશે. ત્યારબાદ દર વર્ષે ૩૧મી મે સુધીમાં ખાલી જગાની વિગતો નિયત પત્રક-૧માં મોકલી આપવાની રહેશે. સચિવાલયના સંબંધિત વહીવટી વિભાગે ખાતાના વડા તરફથી મળેલ માહિતીની ચકાસણી કરીને સંકલિત માહિતી ખાતાના વડા દીઠ તૈયાર કરી આ સાથે સામેલ પત્રક-૨માં સામાન્ય વહીવટ વિભાગની સંબંધિત શાખાને દર વર્ષે ૧૫મી જૂન સુધી મોકલી આપવાની રહેશે.

(૨) સામાન્ય વહીવટ વિભાગ દ્વારા ખાસ સ્પર્ધાત્મક પરીક્ષાનું આયોજન કરવા અંગે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળને જાણ કરવામાં આવશે.

(3) મંડળ દ્વારા પરીક્ષાના આયોજન બાબતે સંબંધિત ખાતાના વડાને જાણ કરવામાં આવશે. અને સંબંધિત ખાતાના વડાએ આ સાથે સામેલ પત્રક-3 માં નિયત કર્યા મુજબના આવેદનપત્ર સંબંધિત ઉમેદવારો પાસેથી મેળવી મંડળને મોકલી આપવાના રહેશે. આવેદનપત્ર સાથે રૂ.૨૦૦/- પરીક્ષા ફી સામેલ કરવાની રહેશે. પરીક્ષા ફી પોસ્ટલ ઓર્ડર અથવા બેંક ડ્રાફ્ટથી જમા કરાવવાની રહેશે. સંબંધિત ખાતાના વડાએ આ સાથે સામેલ ચાર પ્રમાણપત્રો તેમની સહીથી આપવાના રહેશે. અને આ પ્રમાણપત્રો સંબંધિત સીનીયર ક્લાર્કના આવેદનપત્ર સાથે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળને મોકલવાના રહેશે.

(૪) જે સીનીયર ક્લાર્કના છેલ્લા પાંચ વર્ષના ખાનગી અહેવાલ "સારા" હોય, ખાનગી અહેવાલમાં કોઇ વિરૂધ્ધ નોંધ ન હોય તેવા જ સીનીયર ક્લાર્કના આવેદનપત્રો મંડળને મોકલવાના રહેશે. સંબંધિત ખાતાના વડાએ આ બાબત પ્રમાણિત કરવાની રહેશે.

(૫) સંબંધિત ખાતાના વડાએ સંબંધિત ક્લાર્ક સામે ખાતાકીય તપાસ ચાલુ સૂચિત કે પડતર નથી તે બાબત પ્રમાણિત કરવાની રહેશે અને આવેદનપત્ર સાથે

"No event" પ્રમાણપત્ર સામેલ કરવાનું રહેશે. જો ખાતાકીય તપાસ ચાલુ સૂચિત કે પડતર હોય તો તેવા સીનીયર ક્લાર્કના આવેદનપત્ર મંડળને મોકલવાના રહેશે નહીં.

(૬) મંડળ દ્વારા પરીક્ષાનું આયોજન કરી, સફળ ઉમેદવારોની યાદી સામાન્ય વહીવટ વિભાગને મોકલવાની રહેશે. તે સાથે સફળ ઉમેદવારોની અરજી અસલમાં તમામ દસ્તાવેજો સાથે સામાન્ય વહીવટ વિભાગને મોકલવાની રહેશે.

(૭) સફળ ઉમેદવારોને બઢતી આપવા માટે સંબંધિત ઉમેદવારોની વિગતો જેવી કે ખાનગી અહેવાલો, ખાતાકીય તપાસની વિગતો, ખાતાકીય પરીક્ષા તથા કોમ્પ્યુટર જ્ઞાનની પરીક્ષા પાસ કર્યા અંગેની વિગતો તથા સર્વિસ બુક-જેવી વિગતો સામાન્ય વહીવટ વિભાગ દ્વારા સંબંધિત ખાતાના વડા પાસેથી એકત્રિત કરવામાં આવશે.

(૮) ખાસ સ્પર્ધાત્મક પરીક્ષા દ્વારા બઢતી અંગેની પાત્રતા નક્કી કરવા માટે નીચે મુજબની પસંદગી સમિતિ રહેશે.

| | |
|---|---|
| (૧) સંયુક્ત સચિવશ્રી (ક.ગ) | સામાન્ય વહીવટ વિભાગ |
| (૨) નાયબ સચિવશ્રી (ક.ગ-૨) | સામાન્ય વહીવટ વિભાગ |
| (૩) સંબંધિત નાયબ સચિવ | સામાન્ય વહીવટ વિભાગ |
| (૪) નાયબ સચિવશ્રી (મહેકમ) | સામાન્ય વહીવટ વિભાગ |

(૯) ઉપરોક્ત સમિતિ ખાસ સ્પર્ધાત્મક પરીક્ષામાં સફળ થયેલ ઉમેદવારો પૈકી જે ઉમેદવારો બઢતીની પાત્રતા ધરાવતા હશે તેની યાદી બનાવીને સંબંધિત શાખાને આપશે. સંબંધિત શાખા અગ્રસચિવશ્રી (ક.ગ)ના આદેશો મેળવી સંબંધિત ખાતાના વડાના તાબામાં જે જગાઓ ખાલી હશે. તેને લક્ષમાં લઇ, યાદી ઉપરના ઉમેદવારોની ફાળવણી કરશે. ફાળવણી કરતી વેળાએ સંબંધિત ખાતાની રોસ્ટરની વિગતો લક્ષમાં લેવાની રહેશે.

(૧૦) સંબંધિત ખાતાના વડા દ્વારા તેમને ફાળવેલ ઉમેદવારને હેડ ક્લાર્ક તરીકે બઢતીથી નિમણુંક આપવા અંગેના આદેશો કરવામાં આવશે. આ મુજબ હેડ ક્લાર્ક તરીકે નિમણુંક મેળવેલ કર્મચારી સંબંધિત ખાતાનો કર્મચારી ગણાશે.

(૧૧) સંબંધિત કર્મચારીને હેડક્લાર્ક તરીકે જે ખાતામાં નિમણુક આપવામાં આવે તે ખાતાના વડાને સંબંધિત કર્મચારીનું ખાસ સ્પર્ધાત્મક પરીક્ષા દ્વારા બઢતી અંગેનું આવેદનપત્ર તમામ દસ્તાવેજો સાથે તથા સંબંધિત કર્મચારીનો તમામ સર્વીસ રેકર્ડ જેવાકે ખાનગી અહેવાલની ફાઇલ, સર્વીસ બુક, વગેરે સંબંધિત ખાતાના વડાને સામાન્ય વહીવટ વિભાગ દ્વારા મોકલી આપવાનો રહેશે.

**૭. હેડ કલાર્કની જગ્યા પર બઢતી માટેની ખાતાકીય પરીક્ષા બાબતઃ-**

હેડ ક્લાર્કની જગ્યાએ બઢતી મેળવવા માટે કોમન ખાતાકીય પરીક્ષા નિયમો સામાન્ય વહીવટ વિભાગ દ્વારા અલગથી પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. આથી ઉપરોકત વંચાણમાં લીધેલા તા.૧૫-૭-૧૫ના જાહેરનામાંથી પ્રસિદ્ધ થયેલ ભરતી નિયમોની જોગવાઇઓ મુજબ સંબંધિત ખાતામાં ફરજ બજાવતા સિનિયર કલાર્કે હેડ ક્લાર્કની જગા ઉપર બઢતી મેળવવા માટે નિયત કરવામાં આવેલ ખાતાકીય પરીક્ષા પાસ કરવાની રહે છે. અને સંબંધિત સિનિયર ક્લાર્ક દ્વારા ખાતાકીય પરીક્ષા પાસ કરવામાં આવે ત્યારબાદ તેમને બઢતી આપવા અંગે વિચારણા કરવાની રહેશે.

**૮. પ્રવરતા બાબતઃ-**

(૧) ખાસ સ્પર્ધાત્મક પરીક્ષા દ્વારા બઢતીથી નિમણુંક મેળવનાર હેડ ક્લાર્કની પ્રવરતા સંબંધિત ખાતામાં તેની નિમણુંક તારીખથી ગણવાની રહેશે.

(૨) એક જ ખાતામાં એકથી વધુ હેડ ક્લાર્કની ફાળવણી કરવામાં આવી હોય ત્યારે નિમણુંક તારીખ ઉપરાંત ખાસ સ્પર્ધાત્મક પરીક્ષામાં મેળવેલ મેરીટ ક્રમાંકને લક્ષમાં લઇ, માહોંમાહેની પ્રવરતા નક્કી કરવાની રહેશે.

**૯. પુનઃ ફાળવણી બાબતઃ-**

(૧) ખાસ સ્પર્ધાત્મક પરીક્ષા દ્વારા બઢતી મેળવેલ હેડ ક્લાર્કની ફાળવણી જે ખાતામાં કરવામાં આવી હોય તે ખાતામાં કોઇ સંજોગોમાં કુલ મંજૂર થયેલ જગ્યાઓ પૈકી જગ્યા રદ થાય અથવા ઓછી થાય અને તે સંજોગોમાં ભરતી નિયમોમાં નિયત થયેલ રેશીયો મુજબ ખાસ સ્પર્ધાત્મક પરીક્ષા દ્વારા બઢતીના ફાળે આવતી જગ્યામાં જો ઘટાડો થાય તો તેવા સંજોગોમાં ખાસ સ્પર્ધાત્મક પરીક્ષા દ્વારા બઢતી મેળવેલ હેડ ક્લાર્ક કે જે સંબંધિત ખાતામાં જુનિયર હોય તેમની સેવાઓની અન્ય ખાતામાં પુનઃ ફાળવણી કરવા માટે સચિવશ્રી (ક.ગ), સામાન્ય વહીવટ વિભાગ સક્ષમસત્તા રહેશે.

(૨) હેડ ક્લાર્કની કુલ મંજૂર થયેલ જગ્યાઓ પૈકી જો જગ્યા રદ થાય અથવા જગ્યાની સંખ્યામાં ઘટાડો થાય અને ભરતી નિયમોની જોગવાઇ મુજબ બઢતીના ફાળે આવતી જગ્યા ઓછી થાય તો તે સંજોગોમાં પ્રવરતા મુજબ બઢતી મેળવેલ હેડ ક્લાર્કને જે તે ખાતાની સિનિયર ક્લાર્કની જગ્યા ઉપર રીવર્ઝન આપવાનું રહેશે. આવું રીવર્ઝન આપવા માટે ખાતાના વડા સક્ષમસત્તા ગણાશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(એમ.એમ.પટેલ)**
સેકશન અધિકારી,
સામાન્ય વહીવટ વિભાગ

પ્રતિ,

- ➢ માન.રાજયપાલશ્રીના સચિવશ્રી
- ➢ માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી
- ➢ સર્વે માન.મંત્રીશ્રીઓ / માન.રા.ક.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ
- સચિવશ્રી, ગુજરાત વિધાન સભા, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, સોલા, અમદાવાદ.
- ➢ સચિવશ્રી, ગુજરાત સીવીલ સર્વિસીસ ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
- ➢ સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- ➢ સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- ➢ સચિવાલયના તમામ વિભાગો

  ખાતાના વડાને જરૂરી જાણ કરવાની વિનંતી સાથે.
- ➢ વેબ માસ્ટર

  સરકારની વેબસાઇટ / જી.આર.બુકમાં મુકવાની વિનંતી સાથે.
- ➢ વિભાગના તમામ અધિકારીઓ / શાખાઓ
- ➢ પસંદગી ફાઇલ ગ.પ-શાખા

------------------

- **પત્ર દ્વારા**

D:\JITENDRA-2013\G-5-2015\HED CLERK\THARAV-HED CLERK.doc

# પત્રક-૧

## હેડ ક્લાર્કની જગાની માહિતી

**ખાતાના વડાનું નામ:-**

as on..................

| ક્રમાંક | ખાતામાં કુલ મંજૂર થયેલ જગા | મંજૂર થયેલ જગા પૈકી રેશીયો મુજબ | | | | | | | | ભરેલી જગા | | | | | | | | ખાલી જગા | | | | | | | | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | બઢતીના ફાળે આવતી જગાની સંખ્યા | | | | ખાસ સ્પર્ધાત્મક પરીક્ષા દ્વારા બઢતીના ફાળે આવતી જગાની સંખ્યા | | | | બઢતીથી ભરેલી જગાની સંખ્યા | | | | ખાસ સ્પર્ધાત્મક પરીક્ષા દ્વારા બઢતીથી ભરેલી જગાની સંખ્યા | | | | બઢતીના ફાળાની ખાલી જગાની સંખ્યા | | | | ખાસ સ્પર્ધાત્મક પરીક્ષા દ્વારા બઢતીના ફાળાની ખાલી જગાની સંખ્યા | | | | |
| ૧ | ૨ | ૩ | | | | ૪ | | | | ૫ | | | | ૬ | | | | ૭ | | | | ૮ | | | | ૯ |
| | | સામાન્ય | SC | ST | કુલ | સામાન્ય | SC | ST | કુલ | સામાન્ય | SC | ST | કુલ | સામાન્ય | SC | ST | કુલ | સામાન્ય | SC | ST | કુલ | સામાન્ય | SC | ST | કુલ | |
| | | 3a | 3b | 3c | 3d | 4a | 4b | 4c | 4d | 5a | 5b | 5c | 5d | 6a | 6b | 6c | 6d | 7a | 7b | 7c | 7d | 8a | 8b | 8c | 8d | |
| | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |

# પત્રક-૨

## હેડ ક્લાર્કની જગાની સંયુક્ત માહિતી

**સચિવાલયના વહીવટી વિભાગનું નામઃ-**

as on………………

| ક્રમાંક | ખાતાના વડાનું નામ | ખાતામાં કુલ મંજૂર થયેલ જગા | મંજૂર થયેલ જગા પૈકી રેશીયો મુજબ | | | | | | | | ભરેલી જગા | | | | | | | | ખાલી જગા | | | | | | | | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | બઢતીના ફાળે આવતી જગાની સંખ્યા | | | | ખાસ સ્પર્ધાત્મક પરીક્ષા દ્વારા બઢતીના ફાળે આવતી જગાની સંખ્યા | | | | બઢતીથી ભરેલી જગાની સંખ્યા | | | | ખાસ સ્પર્ધાત્મક પરીક્ષા દ્વારા બઢતીથી ભરેલી જગાની સંખ્યા | | | | બઢતીના ફાળાની ખાલી જગાની સંખ્યા | | | | ખાસ સ્પર્ધાત્મક પરીક્ષા દ્વારા બઢતીના ફાળાની ખાલી જગાની સંખ્યા | | | | |
| ૧ | ૨ | ૩ | ૪ | | | | ૫ | | | | ૬ | | | | ૭ | | | | ૮ | | | | ૯ | | | | ૧૦ |
| | | | સામાન્ય | SC | ST | કુલ | સામાન્ય | SC | ST | કુલ | સામાન્ય | SC | ST | કુલ | સામાન્ય | SC | ST | કુલ | સામાન્ય | SC | ST | કુલ | સામાન્ય | SC | ST | કુલ | |
| | | | 4a | 4b | 4c | 4d | 5a | 5b | 5c | 5d | 6a | 6b | 6c | 6d | 7a | 7b | 7c | 7d | 8a | 8b | 8c | 8d | 9a | 9b | 9c | 9d | |
| | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |

# પત્રક-૩

## સીનીયર ક્લાર્કને હેડ ક્લાર્કની જગ્યાએ બઢતી માટેની ખાસ સ્પર્ધાત્મક

## પરીક્ષાનું આવેદનપત્ર

| | | |
|---|---|---|
| ૧. | સીનીયર ક્લાર્કનું પુરૂ નામ (અંગ્રેજી અને ગુજરાતીમાં) (અટક પહેલા લખવી) | :- |
| ૨. | હાલની કચેરીનું નામ અને સરનામું | :- |
| ૩ | ખાતાના વડાનું નામ તથા સરનામું | :- |
| ૪. | જન્મ તારીખ | :- |
| ૫. | સીનીયર ક્લાર્ક તરીકે સીધીભરતીથી /બઢતીથી નિમણુંકની તારીખ (કરારીય સમયગાળો ધ્યાને લેવાનો રહેશે નહીં.) | :- |
| ૬. | સીનીયર ક્લાર્ક તરીકે હાલની કચેરીમાં નિમણુંકની તારીખ. | :- |
| ૭. | સીનીયર ક્લાર્કનો પ્રવરતા ક્રમાંક | :- |
| ૮. | સીનીયર ક્લાર્ક તરીકે કઇ તારીખે પાંચ વર્ષની નિયમિત સળંગ નોકરી પૂરી થાય છે ? (તા..................ના રોજ પાંચ વર્ષની સીનીયર ક્લાર્ક તરીકે નિયમિત સળંગ નોકરી પુરી કરનાર ઉમેદવાર આ પરીક્ષામાં બેસી શકશે.) | :- |
| ૯. | મેળવેલ પદવી/ ડીગ્રીનું નામ અને તે પાસ કર્યાનું વર્ષ (પ્રમાણપત્ર અને ગુણપત્રક બંન્નેની બે પ્રમાણિત નકલો સાથે જોડવી.) | :- |
| ૧૦. | અ.જા./અ.જ.જા./ના ઉમેદવાર હોય તો તેની વિગતો લખો. (જાતિના પ્રમાણપત્રની પ્રમાણિત બે નકલો સાથે જોડવી.) | :- |
| ૧૧. | ભરેલી પરીક્ષા ફીની વિગતો. | :- |
| ૧૨. | હેડ ક્લાર્કની જગ્યાએ બઢતી માટેની પરીક્ષા પાસ કરી છે કે કેમ ? જો હા, તો ક્યારે ? (તારીખ લખવી) (પરીક્ષા પાસ કરી હોય તેવા સીનીયર ક્લાર્ક જ પરીક્ષામાં બેસવાને પાત્ર છે. | :- |

આથી હું પ્રમાણિત કરૂ છુ કે ઉપર જણાવેલ વિગતો રેકર્ડ આધારિત તથા મારી જાણ અને માન્યતા મુજબ સાચી છે. કોઇ વિગત ખોટી પુરવાર થશે તો તે સંજોગોમાં મારુ આવેદનપત્ર તથા જો મને હેડ ક્લાર્ક તરીકે નિમણુંક મળેલ હશે તો તે કોઇપણ જાતની નોટીસ વિના રદ થવાપાત્ર

બનશે તે સાથે હું સંમત છું. ખોટી વિગતો/ માહિતીના કારણે મારી સામે ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો ૧૯૭૧ મુજબ કાર્યવાહી થઇ શકશે તે બાબતથી હું માહિતગાર છું.

સ્થળ :

તારીખ : ..................................

(ઉમેદવારની સહી)

## <u>પ્રમાણપત્ર-૧</u>

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે શ્રી /શ્રીમતી /કુમારી....................................સિનિયર ક્લાર્ક દ્વારા બઢતી માટેની ખાસ સ્પર્ધાત્મક પરીક્ષામાં બેસવા માટે તા...............થી રજૂ કરેલ આવેદનપત્રમાં જણાવેલ તમામ વિગતોની કચેરીના રેકર્ડ સાથે ચકાસણી કરવામાં આવી છે અને તે તમામ વિગતો સાચી છે.

સ્થળ :

તારીખ : ખાતાના વડાનુ નામ સહી તથા સિક્કો

## <u>પ્રમાણપત્ર-૨</u>

આથી પ્રમાણિત કરવામાં આવે કે, હેડ ક્લાર્ક વર્ગ-૩ની જગાના વર્ષ ૨૦૧૫ના ભરતી નિયમો તથા ખાસ સ્પર્ધાત્મક પરીક્ષા નિયમોની જોગવાઇ અનુસાર આ પરીક્ષામાં બેસવા માટે શ્રી /શ્રીમતી /કુમારી..................................સિનિયર ક્લાર્ક પાત્ર છે. તેમણે જરૂરી પરીક્ષા ફી રૂ.૨૦૦ ભારતીય પોસ્ટલ ઓર્ડરથી/ બેંક ડ્રાફ્ટથી ભરેલ છે.

સ્થળ :

તારીખ : ખાતાના વડાનુ નામ સહી તથા સિક્કો

## <u>પ્રમાણપત્ર-૩</u>

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે શ્રી/શ્રીમતી/ કુમારી...........................સામે ખાતા કક્ષાએ ખાતાકીય તપાસનું કોઇ પ્રકરણ ચાલુ/ પડતર/ સૂચિત નથી.

સ્થળ :

તારીખ : ખાતાના વડાનુ નામ સહી તથા સિક્કો

# <u>પ્રમાણપત્ર-૪</u>

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે શ્રી/શ્રીમતી/ કુમારી...............................ના તા.૩૧/૩/...... સુધીના ખાનગી અહેવાલો સંપૂર્ણ પણે લખાયેલા છે અને તેની સમીક્ષા થયેલ છે. તા.૩૧/૩/...... ના રોજ પૂરા થતા વર્ષ પહેલાનાં પાંચ વર્ષના ખાનગી અહેવાલ "સારા" છે. અને તેમાં કોઇ વિરૂદ્ધ નોંધ નથી.

સ્થળ :

તારીખ : ખાતાના વડાનુ નામ સહી તથા સિક્કો